Process Safety Beacon
Messages for Manufacturing Personnel
www.aiche.org/ccps/process-safety-beacon

An AIChE Technology Alliance
CCPS Center for Chemical Process Safety
aiche.org/ccps

This issue sponsored by
DEKRA
www.dekra.us/process-safety

# શું તમે તૈયાર છો ?

સપ્ટેમ્બર-૨૦૨૪



આકૃતિ 1. યુદ્ધ માટે તૈયાર થયેલ સૈનિક



આકૃતિ 2. એક કામદાર શિફ્ટ શરૂ કરવા માટે તૈયાર છે

આપણે ૧૫૦૦ સદી ના યુગના યોદ્ધાઓની યુદ્ધની તૈયારી કરતી ફિલ્મો જોઈ છે. તેઓ તલવારોને તીક્ષ્ણ બનાવે છે, તેમની ઢાલનું પરીક્ષણ કરે છે અને તેમના બખ્તર અને હેલ્મેટ પહેરે છે. લશ્કરી નેતાઓ આગામી સંઘર્ષ માટેની યોજનાઓ સમજાવે છે, અને તેઓ બધા પોતાના સૂચિત સ્થાને પહોચી યુદ્ધ ચાલુ કરવાની રાહ જોવે છે. કેટલીક ફિલ્મોમાં સૈનિકોને સંભવિત ઈજાઓ વિશે અથવા તેનાથી પણ ખરાબ શું થઈ શકે તે વિશે વિચારતા બતાવવામાં આવે છે. તેઓ દિવસના પડકારો માટે તૈયાર છે. શું તમે તમારા દિવસની શરૂઆત માટે તૈયાર છો? શિફ્ટની શરૂઆતમાં, કામદારો તેમના PPE - સલામતી ચશ્મા, આગ પ્રતિરોધક કપડાં, બૂટ અને હેલ્મેટ પહેરે છે. મીટર અથવા વ્યક્તિગત ગેસ મોનિટરને માપાંકિત કરવું જરૂરી હોઈ શકે છે. ઉત્પાદન શેડ્યૂલ અને નિરીક્ષણ કાર્યોની રૂપરેખા યુનિટ લીડર્સ દ્વારા શિફ્ટ હેન્ડઓવર અને સ્ટાર્ટ-ઓફ-શિફ્ટ મીટિંગ દરમિયાન કામદારોને જણાવવામાં આવે છે.

સમજો કે પ્રક્રિયા અને સાધનોના જોખમો એ દુ:શ્મનો છે અને આપણું યુદ્ધ તેમને અંકુશમાં રાખવા માટે છે. દરરોજ રાઉન્ડ લેતી વખતે, નિરીક્ષણો દરમિયાન કે ખામીયુક્ત અથવા બગડી ગયેલા સાધનો અને ઉપકરણોના સમારકામ વખતે, શું આપણે આપણી કામગિરીઓને એ જૂના યોદ્ધાઓ જેટલી ગંભીરતાથી લઈએ છીએ? જ્યારે તમે તમારાં PPE પહેરો છો ત્યારે શું તમે આજે તમે જે જોખમોનો સામનો કરશો તેના વિશે પણ વિચારી રહ્યા છો?

## શું તમે જાણો છો ?

- આયોજન એ દરેક સલામત અને સફળ કામકાજ માટે મહત્વનો ભાગ છે.
- અસરકારક શિફ્ટ ટર્નઓવર માટે જેઓ તેમની પાળીનો અંત કરે છે અને શિફ્ટ શરૂ કરે છે તે બધા કર્મચારીઓ વચ્ચે સામ-સામે ચર્ચા થવી જોઈએ.
- સારી શિફ્ટ ટર્નઓવર મીટિંગ્સમાં સામેલ છે :
  - દરેક પ્રક્રિયાની સ્થિતિ
  - ઉત્પન્ન થયેલ કોઈપણ અપસેટ અથવા ઉત્પાદન સમસ્યાઓ
  - સાધનો કે જે મેંટેનન્સ માટે ઑફ-લાઇન છે
  - કોઈપણ સાધન અથવા નિયંત્રણો જે બાયપાસ અથવા ઑફ-લાઇન કરેલા છે
  - કામ ચાલુ હોય તેવા બધા કોન્ટ્રાક્ટરની વિગતો
  - પરવાનગી આપેલ કાર્ય જે હવે પછી ની શિફ્ટમાં ચાલુ રહેશે
  - અન્ય પ્લાન્ટ વિસ્તારમાંથી એકમમાં આવેલા કામદારો અથવા મુલાકાતીઓ
  - યુનિટ લોગબુકની સમીક્ષા
- જે અંગે ચર્ચા કરવામાં આવી રહી છે તેની ચોક્કસ પરિસ્થિતિ જોવા માટે ક્ષેત્રની મુલાકાત લેવાની જરૂર પડી શકે છે.
- કેટલીક કંપનીઓ ટર્નઓવર દરમિયાન આવરી લેવાના તમામ વિષયોની સૂચિ બનાવવા માટે ચેકલિસ્ટ અથવા ફોર્મનો ઉપયોગ કરે છે.

## તમે શું કરી શકો ?

- કંટ્રોલ રૂમ અથવા ટર્નઓવર વિસ્તાર પર સમયસર પહોંચો જેથી બધી માહિતીની ચર્ચા કરી શકાય.
- લોગબુક ધ્યાનથી વાંચો. ફક્ત તમારા વિસ્તારની સમસ્યાઓ ન જુઓ, સમગ્ર વિસ્તાર અથવા એકમની પરિસ્થિતિને સમજો.
- તમામ સમસ્યાઓ અને ચિંતાઓને આવરી લેવા માટે શિફ્ટ ટર્નઓવર ફોર્મ્સ અને પ્રક્રિયાઓને અનુસરો.
- પ્રક્રિયાની વર્તમાન સ્થિતિ સારી રીતે સમજ્યા છો તેની ખાતરી કરવા માટે પ્રશ્નો પૂછો.
- શિફ્ટ ટર્નઓવર મીટિંગ્સમાં સક્રિયપણે ભાગ લો. સાંભળો જાણે તમારું જીવન તેના પર નિર્ભર છે – અને તે થઈ શકે છે!
- જો આવતી શિફ્ટ માટે પરમિટને ફરીથી લખવાની જરૂર હોય, તો પરમિટ લખતા અથવા મંજૂર કરતા પહેલા વિસ્તારનું નિરીક્ષણ કરવા માટે સમય કાઢો. પરિસ્થિતિ બદલાઈ ગઈ હોય શકે.

**આવનારા પડકારો ની તૈયારી કરી તમારા દિવસની શરૂઆત કરો!**

©AIChE 2024. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or +1 646-495-1371.